Extra No. 321

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] TUESDAY, OCTOBER 28, 2025 / KARTIKA 6, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સુરત-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનિટ-૪-૨૦૨૫.

સુરત જિલ્લાની સુરત મહાનગરપાલિકાની અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો આદેશ-૨૦૨૫.

વંચાણમાં લીધા:

(૧) રાજ્ય ચૂંટણ આયોગનો આખરી આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-સુરત-યુનિટ-૮-૨૦૨૦, તા-૦૩/૧૦/૨૦૨૦.

(૨) રાજ્ય ચૂંટણી આયોગનો આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-મનપા-વારાફરતી-સ્થા.સ્વ/૧૩૯(૨)/૦૭૨૦૨૦, તા.૨૪/૦૭/૨૦૨૦.

(૩) મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી (સુધારા)) નિયમો-૨૦૧૦

(૪) ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (Gujarat Act No 17 of 2023).

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV-348 of 2024/UDUHD/MSM/e-file/18/2024/4680/P, તા. 25/09/2024

આદેશ

ભારતના બંધારણના અનુચ્છેદ 243 K અને 243-ZA ની જોગવાઈ મુજબ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તમામ ચૂંટણીઓ માટે મતદારયાદી તૈયાર કરવા અને તેના ઉપર દેખરેખ, માર્ગદર્શન તથા નિયંત્રણ અને ચૂંટણી સંચાલનની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ની કલપ-૫ ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી સુરત જિલ્લાની સુરત મહાનગરપાલિકાની વોર્ડ સંખ્યા (અનામત બેઠકો સહિત) નક્કી કરેલ તે આધારે તથા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ની કલમ ૫ ની પેટા કલમ ૩(ખ) અને ૪ અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો ૧૯૯૪ હેઠળની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧-૧૨-૧૪, આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-મનપા-વારાફરતી-સ્થા.સ્વ-૧૩૯(૨)-૦૭૨૦૨૦-ક, તા. ૨૪-૦૭-૨૦૨૦ અને આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની તથા આયોગના વંચાણ(૨) વાળા આદેશની સૂચનાઓને ધ્યાને લઈ વંચાણ (૧) વાળા તા. ૦૩/૧૦/૨૦૨૦ના આખરી આદેશથી વોર્ડ રચના કરી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગો તથા આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત બેઠકો તથા સામાન્ય વર્ગની સ્ત્રીઓ માટેની અનામત તથા બિનઅનામત સામાન્ય બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે. જે આધારે વર્ષ-૨૦૨૧માં સુરત મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવેલ.

વંચાણે લીધેલ (૪) ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ (૫) ના તા. 25/09/2024ના જાહેરનામાથી સુરત મહાનગરપાલિકા માટે ૩૦ વોર્ડ અને ૧૨૦ બેઠકો નિર્ધારીત કરવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિની ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત, અનુસૂચિત આદિજાતિની ૪ બેઠકો પૈકી ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત અને પછાતવર્ગની ૩૨ બેઠકો પૈકી ૧૬ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે, સ્ત્રીઓ માટે (અનામત વર્ગોની સ્ત્રીઓ સહિત) ૬૦ બેઠકો અનામત રાખવામાં આવેલ છે.

વંચાણ લીધેલ આમુખ(૩) ના સુધારા નિયમોથી છેલ્લી સામાન્ય ચૂંટણીની તારીખથી દર પાંચ વર્ષે મહાનગરપાલિકાઓના વોર્ડની બેઠકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકોની ફાળવણી એક પછીની બીજી સામાન્ય ચૂંટણીમાં વારાફરતી (રોટેશન) કરી બેઠકોની ફાળવણી કરવા જોગવાઈ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાની છેલ્લી સામાન્ય ચૂંટણી વર્ષ-૨૦૨૧માં યોજવામાં આવેલ હતી.

ભારતના બંધારણના અનુચ્છેદ 243-ZA, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના) (સુધારા) નિયમો-૨૦૧૦ની જોગવાઈ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.જ.ન-૧-૧૨૨૦૧૪-ક, તા.૧૧-૧૨-૨૦૧૪, રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-મનપા-વારાફરતી-સ્થા.સ્વ.-૧૩૯(૨)-૦૭૨૦૨૦-ક, તા. ૨૪-૦૭-૨૦૨૦ તથા આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-સ્થા.સ્વ.૧૩૯(૧)-૧૨૦૧૫-ક, તા. ૦૨-૦૨-૨૦૧૫ની સૂચનાઓ ધ્યાને લઈ, રાજ્ય ચૂંટણી આયોગના વંચાણ (૧) વાળા, તા.૦૩/૧૦/૨૦૨૦ના આદેશની અનુસૂચિ-૨માં ફેરફાર કરી, આ સાથેની 'અનુસૂચિ-૨" માં જણાવ્યા પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો (આ વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો સહિત) તથા સ્ત્રીઓ માટેની અનામત બેઠકો તથા બિનઅનામત સામાન્ય બેઠકોની વારાફરતી ફાળવણી નક્કી કરવામાં આવે છે અને હવે પછી યોજાનાર સુરત મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે બેઠકો ફાળવવા રાજ્ય ચૂંટણી આયોગ આદેશ કરે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-સુરત-મ.ન.પા-વારાફરતી-ફાળવણી-આદેશ-યુનીટ-૪-૨૦૨૫, તા. ૨૮/૧૦/૨૦૨૫નું સાંધણ.

સુરત મહાનગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ	૪૬૪૫૩૮૪
કુલ વોર્ડની સંખ્યા	૩૦

વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૧૫૪૮૪૬	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૧૭૦૩૩૧
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૧૩૯૩૬૧
બેઠકોની સંખ્યા	૧૨૦		
કુલ સ્ત્રી બેઠકો	૬૦		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠકો અનુસૂચિતજાતિ સ્ત્રીઓમાટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩૨	તે પૈકી ૧૬ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૮૦		
સામાન્ય બેઠકો	૪૦		

અ.નં	વોર્ડ નં	વોર્ડની વસતિ	વોર્ડનું નામ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૧૩૮૪૮૦	જહાંગીરપુરા-વરીયાવ-છાપરાભાઠા-કોસાડ	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૧૩૯૩૬૫	અમરોલી-મોટા વરાછા-કઠોર	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૧૫૩૭૦૭	વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૧૬૩૮૭૭	કાપોદ્રા	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૧૫૮૭૬૪	કુલપાડા-અશ્વિનીકુમાર	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૧૬૭૦૬૭	કતારગામ	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૧૪૨૫૮૭	કતારગામ-વેડ	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૧૬૦૯૬૦	ડભોલી-સિંગણપોર	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૯	૯	૧૪૦૯૬૨	રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૦	૧૦	૧૩૯૧૮૬	અડાજણ-પાલ-ઈચ્છાપોર	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૧	૧૧	૧૩૯૫૫૬	અડાજણ-ગોરાટ	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૨	૧૨	૧૬૨૮૬૯	નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર-મહિધરપુરા	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૩	૧૩	૧૬૬૩૪૯	વાડી ફળિયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૪	૧૪	૧૬૨૪૧૬	ઉમરવાડા-માતાવાડી	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય

અ.નં	વોર્ડ નં	વોર્ડની વસતિ	વોર્ડનું નામ	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧૫	૧૫	૧૬૯૯૧૭	કરંજ-મગોબ	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૬	૧૬	૧૫૦૩૯૧	પુણા (પશ્ચિમ)	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૭	૧૭	૧૬૫૩૧૧	પુણા (પૂર્વ)	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૮	૧૮	૧૫૧૧૪૫	લિંબાયત-પરવટ-કુંભારીયા	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૯	૧૯	૧૫૧૬૭૦	આંજણા-ડુંભાલ	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૦	૨૦	૧૫૯૮૯૦	ખટોદરા-મજુરા-સગરામપુરા	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨૧	૨૧	૧૬૨૦૨૧	સોની ફળિયા-નાનપુરા-અઠવા-પીપલોદ	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨૨	૨૨	૧૩૧૮૯૫	ભટાર-વેસુ-ડુમસ	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨૩	૨૩	૧૬૮૨૭૦	બમરોલી-ઉધના (ઉત્ત૨)	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૪	૨૪	૧૫૪૧૧૬	ઉધના (દક્ષિણ)	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨૫	૨૫	૧૪૭૨૭૧	લીંબાયત-ઉધના યાર્ડ	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૬	૨૬	૧૬૨૩૨૭	ગોડાદરા-ડીંડોલી (ઉત્ત૨)	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૭	૨૭	૧૫૦૬૨૩	ડીંડોલી (દક્ષિણ)	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨૮	૨૮	૧૬૧૦૦૭	પાંડેસરા-ભેસ્તાન	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨૯	૨૯	૧૬૦૦૩૪	અલથાણ-બમરોલી-વડોદ	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩૦	૩૦	૧૬૩૩૫૧	કનસાડ-સચિન-ઉન-આભવા	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	૪૬૪૫૩૮૪					

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.04 18:38:30 IST